| | | |
|---|---|---|
| દાખલ તારીખ | : | ૦૫–૧૧–૨૦૨૨ |
| રજી. તારીખ | : | ૦૫–૧૧–૨૦૨૨ |
| નિકાલ તારીખ | : | ૨૬–૦૬–૨૦૨૩ |
| સમયગાળો | : | વર્ષ / માસ / દિવસ |

**ઘોઘાના મહેરબાન પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબની કોર્ટમાં, મુ.ઘોઘા, જી.ભાવનગર**

**રેગ્યુલર દિવાની કેસ નંબર–૧૯૭/૨૦૨૨**

**આંક :–**

| | |
|---|---|
| વાદી | **પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી.**<br>તે ગુજરાત ઈલેકટ્રીસીટી ઈંડસ્ટ્રીઝ<br>(રી–ઓર્ગેનાઈઝેશન તથા રેગ્યુલેશન) એકટ–૨૦૦૩<br>હેઠળ કાયદેસર રચાયેલ લીમીટેડ કંપની<br>જેની રજી.ઓફીસ લક્ષ્મીનગર, રાજકોટ હેઠળ આવતી<br>પી.જી.વી.સી.એલ. તે તેના નાયબ ઈજનેરશ્રી મારફત<br>વરતેજ સબ–ડિવીઝન, જી.ભાવનગર |
| | **વિરૂદ્ધ** |
| પ્રતિવાદી | **ગુજ.ખોડાભાઈ નરશીભાઈ કુંભારના કાયદેસરના વારસ**<br>**લવજીભાઈ ખોડાભાઈ કુંભાર**<br>ઉ.વ.પુખ્ત, ધર્મે.હિન્દુ<br>રહે.સમઢીયાળા, તા.ઘોઘા, જી.ભાવનગર |

---

વાદી તરફે વિ.વ.શ્રી વી.કે.ધુમડીયા
પ્રતિવાદી તરફે એકતરફી

---

**બાબત :– દાવો રૂ.૨૦,૬૦૭/૨૪ પૈસા વસુલ મેળવવા અંગે.**

**– : ચુ કા દો : –**

**૧.** વાદીના દાવાની હકીકત ટુંકમાં એવી છે કે, વાદી ઈલેકટ્રીકસીટી એકટ–૨૦૦૩ ની જોગવાઈ તળે રચાયેલ એક ઈલેકટ્રીસીટી વિતરણ કરતી કંપની છે. આ કામના પ્રતિવાદીએ વિજ કનેકશન મેળવવા અરજી કરેલી અને જે અરજી બાદ જરુરી કાયદેસરની વિધિ પૂર્ણ કરી આ કામના

પ્રતિવાદીને તેની માંગણી મુજબનું વિજ જોડાણ વાદી કંપની ધ્વારા આપવામાં આવેલ અને જે અંગે પક્ષકારો વચ્ચે ધારાસર કરાર થયેલ છે. જેમાં આ કામના પ્રતિવાદીએ સહી કરેલ છે.આ કામના પ્રતિવાદી વાદી કંપનીના ગ્રાહક છે. આ કામના વાદીના અધિકારીઓ ધ્વારા પ્રતિવાદીની હાજરીમાં પ્રતિવાદીનું વિજકનેકશન તપાસતાં આ કામના પ્રતિવાદીએ એક વધારાનો ટવીન વાયર વડે જોડાણ કરી વીજ મીટર બાયપાસ કરી શકાય તેવી વ્યવસ્થા કરી કુલ–૧૧૧૮ વોટનો બિન–અધિકૃત રીતે વીજ વપરાશ કરતાં હોવાનું માલુમ પડેલ. વાદીની બાકી રકમ પ્રતિવાદી પાસે અનેકવાર ઉઘરાણી કરવા છતાં પ્રતિવાદી વાદીને વસુલ આપતાં ન હોય અને બીલો ભરપાઈ ન કરતાં આ કામના પ્રતિવાદી સામે સદર રકમ વસુલ મેળવવા આ દાવો કરેલ છે. આ કામના પ્રતિવાદી વાદી કંપની કંડીશન ઓફ સપ્લાય ઓફ ઈલેકટ્રીક એનર્જીની શરત નં.૧(બી)ની શરત મુજબની કન્ઝયુમરની વ્યાખ્યામાં તથા ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટની કલમ–૨(સી) ની ગ્રાહકની વ્યાખ્યામાં જણાવ્યા મુજબ જો કોઈ વ્યકિત અમુક સમય માટે વાદીની ઈલેકટ્રીક એનર્જીનો ઉપયોગ કરે તો તેની પાસેથી વાદી કંપની વિજ બીલની રકમ મેળવવા હકકદાર છે.

**૧.૨** આમ, વાદી પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી. ના આ કામના પ્રતિવાદી વિજ વપરાશ કરતાં હોય, વિજવપરાશ તથા ડી.પી.સી. ચાર્જ સહીતના તેમની પાસે લેણાં રહેતા કુલ રૂ.૨૦,૬૦૭/૨૪ પૈસા (અંકે રૂપીયા વીસ હજાર છસ્સો સાત અને ચોવીસ પૈસા પુરા) તથા વસુલ આપતા સુધીના દાવા તારીખથી ૧૮% લેખેની વ્યાજ સાથેની રકમ આ કામના પ્રતિવાદી પાસેથી તેઓની જાત તથા દરેક પ્રકારની મિલ્કત સંયુકત તથા વિભકત રીતે વસુલ અપાવતું હુકમનામુ વાદીના લાભમાં અને પ્રતિવાદી વિરૂદ્ધ આપવા તથા દાવાનો તમામ ખર્ચ પ્રતિવાદી પાસેથી અપાવવા હુકમ કરવા દાદ માંગેલ છે.

**૨.** પ્રતિવાદીને દાવાના સમન્સની ધોરણસર બજવણી થઈ જવા છતાં તેઓ જાતે કે પોતાના માહિતગાર વકીલશ્રી મારફતે હાજર થયેલ ન હોય, પ્રતિવાદી સામે હાલનો દાવો એકતરફી ચલાવવા હુકમ કરવામાં આવેલ છે.

**૩.** વાદી તરફે આ કામે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજૂ થયેલ છે.

### ૩.૧. **મૌખિક પુરાવા :**

| અનુ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | વાદી તરફે વિપુલકુમાર હરીભાઈ રાણાવડીયા, નાયબ ઈજનેરનું સી.પી.સી. ઓર્ડર–૧૮, રૂલ–૪ મુજબનું પુરાવાનું સોગંદનામુ | ૯ |

### ૩.૨. **દસ્તાવેજી પુરાવાઓ :**

| અનુ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | એનેક્ષર–એ–૨ | ૧૧ |
| ૨. | કલમ–૧૨૬ મુજબનું કામ ચલાઉ આકારણી બીલ | ૧૨ |
| ૩. | એનેક્ષર–૧૧ | ૧૩ |
| ૪. | સ્થળ ફોટોગ્રાફ | ૧૪,૧૫ |
| ૫. | ઈન્ટરનલ સી.આર.બી.ડી.આર.૬૪૧૯ | ૧૬ |
| ૬. | બી.આર.ડી.૬૭૬૫ | ૧૭ |
| ૭. | લેણી રકમની માંગણીનો પત્ર જા.નં.૮૦૧૯ નો પત્ર | ૧૮ |
| ૮. | લીગલ નોટીસ | ૧૯ |
| ૯. | કન્ઝયુમર પર્સનલ લેજર | ૨૦ |
| ૧૦. | ફીઝીકલ સાઈટ વેરીફીકેશન | ૨૧ |
| ૧૧. | સર્ટીફીકેટ | ૨૨ |
| ૧૨. | પ્રફોર્મા નં.૧૨ | ૨૩ |

**૪.** વાદીપક્ષ તરફથી આ સિવાય અન્ય કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને આંક–૨૪ થી કલોઝિંગ પુરસીસ રજુ કરેલ છે. સદર દાવાની કાર્યવાહી દરમ્યાન પ્રતિવાદી હાજર થયેલ નથી કે કોઈ બચાવ કે પુરાવો રજુ કરેલ નથી. ત્યારબાદ વાદીપક્ષે તેનાં વિ.વ.શ્રી ની દલીલો સાંભળી.

**૫.** હાલના દાવાના ન્યાયીક નિર્ણય માટે આંક–૮ થી નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

| | |
|---|---|
| 1. | Whether the plaintiff proves the amount shown in the suit is due from the defendant? |
| 2. | Whether the plaintiff is entitled to get D.P.C on the outstanding amount as prayed in the application? |
| 3. | Whether the plaintiff is entitled to get the relief as prayed? |
| 4. | What order and decree ? |

૬. ઉપરોકત મુદૃાઓ અંગેના મારા નિર્ણયો નીચે જણાવેલા કારણસર નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૧ | હકારમાં. |
| ૨ | હકારમાં. |
| ૩ | અંશતઃ હકારમાં,વાર્ષિક ૬% લેખે. |
| ૪ | આખરી હુકમ મુજબ. |

ઉપરોકત મુદૃાઓના મારા કારણો નીચે મુજબ છે.

– :: **કારણો** ::–

**૭.** ઉપરોકત મુદ્દાઓ એકબીજા સાથે અતૂટરીતે સંકળાયેલા હોઈ, પુરાવાની પુનઃચર્ચા ટાળવાના હેતુથી તમામ મુદ્દાઓના નિર્ણયોના કારણોની ચર્ચા એકસાથે કરેલ છે.

૭.૧ આ કામના વાદીપક્ષે વાદી કંપનીના નાયબ ઈજનેર વિપુલકુમાર હરીભાઈ રાણાવડીયા એ અદાલત રુબરુ સી.પી.સી.ઓ.૧૮, રૂલ–૪ મુજબ જુબાનીનું સોગંદનામુ આંક–૯ થી રજુ કરેલ છે. જેમાં તેઓએ પ્રતિવાદી પાસે દાવાવાળી રકમ વાદીની લેણી હોવાનું જણાવી તેના સમર્થનમાં આંક–૧૧ થી આંક–૨૩ ના ઉપર જણાવ્યા મુજબના દસ્તાવેજી પુરાવા રજુ રાખીને તે મુજબની વિગત જણાવેલ છે અને તેને સમર્થન આપી દાવા મુજબની દાદ માંગેલ છે. વાદીના મજકુર નાયબ ઈજનેરશ્રીની જુબાનીના સોગંદનામાને વાદી તરફે કોઈ હાજર થઈ પડકારેલ નથી કે તેની ઉલટ તપાસ કરેલ નથી. આમ, વાદીના સાહેદે વાદીના દાવાને સમર્થન આપેલ છે.

૮. આ કામના પ્રતિવાદીને દાવાનો સમન્સ ધારાસર બજી જતાં કોર્ટ સમક્ષ હાજર થયેલ નથી કે કોઈ રીપોર્ટ આપેલ નથી કે જવાબ આપેલ ન હોય તેમની સામે દાવો એકતરફી આગળ ચલાવવામાં આવેલ. ત્યારબાદ પ્રતિવાદીએ કોર્ટ સમક્ષ હાજર થઈ વાદીના દાવાને કે દસ્તાવેજોને પડકારેલ નથી તેમજ અદાલતમાં કેસ ચલાવતાં સમયે પ્રતિવાદીનો પોકાર કરવા છતાં વાદીના સાહેદની ઉલટતપાસ કરવા પણ પ્રતિવાદી તરફે કોઈ હાજર રહેલ નથી. જેથી વાદીની હકીકતો નહિ માનવા માટે કોઈ કારણ નથી. તે રીતે વાદી આ કામના પ્રતિવાદી પાસે તેની દાવાવાળી રકમ લ્હેણી થતી હોવાનું પુરવાર કરવામાં સફળ થતાં હોવાનું જણાય છે અને તેથી મુદ્દા નં.૧ અને નં.૨ નો જવાબ "હકારમાં" ઠરાવું છું.

૯. ઉપરોકત હકીકતો જોતાં વાદી પ્રતિવાદી પાસેથી બીલની રકમ તથા વિલંબીત ચાર્જની રકમ મેળવવા હકકદાર થાય છે. વાદીએ દાવાવાળી રકમ ઉપર દાવા તારીખથી તે વસુલ થતાં સુધી ૧૮% ના વ્યાજની માંગણી કરેલી છે પરંતુ પ્રવર્તમાન વ્યાજના દરો જોતાં વાદીના દાવાની તારીખથી તે મુદલ રકમ પર વાર્ષિક ૬% (છ ટકા) લેખે સાદુ વ્યાજ દાવાવાળી રકમ વસુલ થતાં સુધી અપાવવુ જોઈએ તેમ મારૂ માનવુ છે. આ સંજોગોમાં વાદીપક્ષે રજૂ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા તેમજ વાદી પક્ષની રજુઆત ગ્રાહય રાખી ન્યાયનાં હિતમાં મુદ્દા નં.૩ નો જવાબ "અંશતઃ હકારમાં" આપી, મુદ્દા નં.૪ નો જવાબ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: હુ ક મ :–**

(૧) વાદીનો દાવો અંશતઃ મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના પ્રતિવાદી પાસેથી વાદીની લ્હેણી નિકળતી રકમ રૂ.૨૦,૬૦૭/૨૪ પૈસા (અંકે રૂપીયા વીસ હજાર છસ્સો સાત અને ચોવીસ પૈસા પુરા) દાવા તારીખથી દાવાવાળી રકમ વસુલ થતાં સુધી વાર્ષિક ૬ % (છ ટકા) ના સાદા વ્યાજ સાથે પ્રતિવાદીની જાત તથા હરેક પ્રકારની સ્થાવર તથા જંગમ મિલકતથી વસુલ મેળવી શકે તેવુ વાદીની તરફેણમાં અને પ્રતિવાદીની વિરૂદ્ધમાં હુકમનામુ કરી આપવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૩) વાદીના દાવાનો ખર્ચ પ્રતિવાદીએ ચૂકવવો, જયારે પ્રતિવાદીએ પોતાનો ખર્ચ જાતે ભોગવવો.

(૪) હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| તા.૨૬–૦૬–૨૦૨૩<br>સ્થળ : ઘોઘા | (ગૌરવ બલદેવ સિયાગ)<br>પ્રિન્સીપાલ સિવિલ જજ<br>ઘોઘા<br>યુનિક જજ કોડ : જીજે૦૧૬૬૮ |

એસ.જે.જોષી,પીએ